જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,સુરત

બ્લોક-એ,ત્રીજોમાળ ,જિલ્લાસેવા સદન-૨અઠવાલાઈન્સસુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧- ૨૬૬૨૯૦૩ - suratdeo@gmail.com

web:-www.suratdeo.org

RTE પ્રવેશ/અગત્યનું/ટોચ અગ્રતા

જા.નં /પ્રાથમિક/RTE/2024/ 13882 તા. ૨૬/૦૯/૨૦૨૪

પ્રતિ

આચાર્યશ્રી,

સુરત શહેરી વિસ્તારની ખાનગી પ્રાથમિક શાળાઓ,

(RTE હેઠળ પ્રવેશ આપેલ તમામ ખાનગી પ્રાથમિક શાળાઓ)

વિષયઃ- RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની CTS પોર્ટલ પર એન્ટ્રી કરવા બાબત.

સદર્ભઃ- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી,પ્રા.શિ.નિ.કચેરી,ગાંધીનગરનાં તા.૨૫/૦૯/૨૦૨૪ નાં પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે RTE ACT-2009ની કલમ૧૨.૧ (સી) હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિકવર્ષ૨૦૨૪-૨૫માં ધોરણ-૧ માં વિનામુલ્યે પ્રવેશ મેળવી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની CTS પોર્ટલ પર RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થી તરીકે એન્ટ્રી કરવા સંદર્ભે વખતોવખત અત્રેની કચેરી તથા સમગ્ર શિક્ષા કચેરી દ્વારા સુચનાઓ આપવામાં આવેલ છે. તેમ છતા સમગ્ર શિક્ષા કચેરી તરફથી મળેલ RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની CTS પોર્ટલ આધારીત માહિતી ધ્યાને લેતા ધોરણવાર વિદ્યાર્થી સંખ્યા અને CTS પોર્ટલ પર RTE હેઠળ નોંધાયેલ વિદ્યાર્થી સંખ્યામાં વિસંગતતા ધ્યાને આવેલ છે. જે ધ્યાને લઈ આપની શાળામાં અપડેશનમાં બાકી રહેલ RTE ACT-2009ની કલમ૧૨.૧ (સી) હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની CTS પોર્ટલ પર એન્ટ્રી કરી અપડેટ કરવા જણાવવામાં આવે છે.

બાકી રહેલ વિદ્યાર્થીઓની CTS પોર્ટલ પર અપડેશન માટેની ઉપર જણાવ્યા મુજબની કાર્યવાહી તા. ૦૧/૧૦/૨૦૨૪ મંગળવાર સુધીમાં અચૂક પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. RTE હેઠળ બીજા હપ્તાની ગ્રાન્ટ CTS પોર્ટલમાં નોંધાયેલ બાળકોની સંખ્યા આધારીત જ આપવામાં આવનાર હોઈ સદરહુ બાબતે ખાસ ગંભીરતા લઈ તમામ બાળકોની CTS પોર્ટલ પર એન્ટ્રી કરવાની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત,જિલ્લો-સુરત

ટોચ અગ્રતા
E-MAIL

ક્રમાંક:પ્રાશિનિ/RTE/પ્રવેશ/૨૦૨૪/૧૦૨૬-૧૦૪૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/ ૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર,**તા.૨૫/૦૯/૨૦૨૪**

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, **તમામ**
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, **અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર, ગાંધીનગર,જામનગર**

વિષય– **RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની CTS પોર્ટલ પર એન્ટ્રી કરવા બાબત**
સંદર્ભ– 1. આપની કચેરી દ્વારા મળેલ ગ્રાન્ટ માંગણીમાં દર્શાવેલ ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા
2. CTS પોર્ટલ ડેટા

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, RTE ACT-2009ની કલમ ૧૨.૧ (સી) હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ મેળવી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની CTS પોર્ટલ પર RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થી તરીકે એન્ટ્રી કરવા સંદર્ભે વખતોવખત અત્રેની કચેરી તથા સમગ્ર શિક્ષા કચેરી દ્વારા સુચનાઓ આપવામાં આવેલ છે. તેમ છતા સમગ્ર શિક્ષા કચેરી તરફથી મળેલ RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની CTS પોર્ટલ આધારીત માહિતી ધ્યાને લેતા જિલ્લા કચેરી દ્વારા અત્રેની કચેરીને ગ્રાન્ટ માંગણી સંદર્ભે રજુ કરેલ ધોરણવાર વિદ્યાર્થી સંખ્યા અને CTS પોર્ટલ પર RTE હેઠળ નોંધાયેલ વિદ્યાર્થી સંખ્યામાં વિસંગતતા ધ્યાને આવેલ છે. જેની માહિતી દર્શાવતુ પત્રક આ સાથે સામેલ છે. **જેમા Difference કોલમને ધ્યાને લઈ આપના જિલ્લામાં અપડેશનમાં બાકી રહેલ વિદ્યાર્થીઓની CTS પોર્ટલ પર એન્ટ્રી કરી અપડેટ કરેલ વિદ્યાર્થીઓની સંખ્યાની વિગતો આ સાથે સામેલ નિયત નમૂના મુજબનાં પત્રકમાં આપના સહી સિક્કા સાથે દિન-૭માં rte.dpe@gmail.com પર અચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે.**

આ સાથે સામેલ એક્સેલ શિટમાં સમગ્ર શિક્ષા કચેરી તરફથી મળેલ CTS પોર્ટલ પર નોંધાયેલ વિદ્યાર્થીઓની શાળાવાર-તાલુકાવાર વિગતો મોકલી આપવામાં આવે છે. જે માહિતીને ઉપયોગમાં RTE વિદ્યાર્થીઓની CTS પોર્ટલ પર અપડેશન માટેની ઉપર જણાવ્યા મુજબ કાર્યવાહી તા. ૦૧/૧૦/૨૦૨૪, મંગળવાર સુધીમાં અચૂક પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. **RTE હેઠળ બીજા હપ્તાની ગ્રાન્ટ CTS પોર્ટલ માં નોંધાયેલ બાળકોની સંખ્યા આધારીત જ આપવામાં આવનાર હોઇ સદરહુ બાબતે ખાસ ગંભીરતા લઈ તમામ બાળકોની CTS પોર્ટલ પર એન્ટ્રી કરવાની કાર્યવાહી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.**

બિડાણ: 1. **RTE** વિદ્યાર્થી સંખ્યાની તફાવત દર્શાવતુ પત્રક
2. CTS ડેટા
3. RTE વિદ્યાર્થીની CTS પોર્ટલ પર નોંધણી અંગેની માર્ગદર્શક સુચના
4. નિયત નમૂના પત્રક

સંયુકત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

- **નકલ રવાના:– (જાણ તેમજ કાર્યવાહી સારૂ)**
-માન. સચિવશ્રી
સમગ્ર શિક્ષા કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર

વિદ્યાર્થી RTE હેઠળ SSA સંચાલિત ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS)માં નોંધાયેલ છે કે કેમ? તે ચકાસવા માટેના સ્ટેપ

Step-1 : https://www.ssgujarat.org/ પર જે તે શાળાના યુસરનેમ અને પાસવર્ડ નાખી લોગ ઈન થવાનું રહેશે

Step-2 : ડાબી બાજુએ દર્શાવેલ Manage Student ટેબ પર ક્લિક કરવાનું રહેશે.

Step-3 : ત્યારબાદ ધોરણવાર દર્શાવેલ વિદ્યાર્થીઓની સંખ્યા પર ક્લિક કરી શાળા ખાતે અભ્યાસ કરતા તમામ RTE વિદ્યાર્થીઓની પ્રોફાઈલ એક પછી એક EDIT ઓપ્શન પર જઈ ઓપન કરવાની રહેશે

Step-4 : ડાબી બાજુએ દર્શાવેલ Manage Student ટેબ પર ક્લિક કરવાનું રહેશે.

Step-5 : Edit ઓપ્શન ક્લિક કરતા વિદ્યાર્થીની પ્રોફાઈલ ઓપન થશે. જેમાં ક્રમાંક: ૨૩ **"બાળકે શેના હેઠળ પ્રવેશ મેળવેલ છે?"** પર ક્લિક કરવાનું રહેશે

Step-5 : ક્રમાંક: ૨૩ ક્લિક કરી તેમાં **" 1 – Section 12 of the RTE "** સિલેક્ટ કરવુ

Step-6 : ક્રમાંક: ૨૩ **" 1 – Section 12 of the RTE "** ક્લિક કરતા ક્રમાંક: ૨૪ **"RTE એકટ હેઠળ શું બાળક ખાનગી શાળામાં મફત શિક્ષણ મેળવે છે?:"** તેમા **"હા"** ઓટોમેટીક આવી જશે . જે અંગેની ખરાઈ કરી **UPDATE** કરવુ